# ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે

ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં … (૪)

આધિ ને વ્યાધિ બધી થઇ ગઈ ઉપાધિ (૪)
હે … જ્યારે કીર્તનના રંગમાં રંગાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

બેસૂરા કામ બધા મેલ્યા રે વેગળા (૪)
હે … જ્યારે તંબૂરાના સૂર સંભળાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

મનના તે માંકડા આવ્યા અંકુશમાં (૪)
હે … જ્યારે મંજીરાના નાદ સંભળાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

ચિંતાના ઘોડલા ભાગ્યા ભડકતા (૪)
હે … જ્યારે તબલાના બોલ સંભળાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

શાંતિના સાગરે દીધી રે ડૂબકી (૪)
હે ... જ્યારે મીઠાં ભજન સંભળાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

હૈયાના હોડલા માંડયા હિંડોળવા (૪)
હે ... જ્યારે ભાવોના નીર ઉભરાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

કર્મોના પોપડા માંડયા ઉખડવા (૪)
હે ... જ્યારે મસ્તીના પૂર છલકાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં
ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં

ભક્તિમાં ભીંજાણાં રે પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં (૨)

હે ... ગાન તમારા ગાતાં ગાતાં,
અમે સમયનું ભાન ભૂલ્યાં (૨)
હે અમે સમયનું ભાન ભૂલ્યાં (૨)
હે ... ખાવું ભૂલ્યાં, પીવું ભૂલ્યાં, ઊંઘ અને આરામ ભૂલ્યાં
રે ભાઇ ઊંઘ અને આરામ ભૂલ્યાં

હે ... રાગ ભૂલ્યાં, ને દ્વેષ ભૂલ્યાં, વળી પાપ તણો વ્યાપાર ભૂલ્યાં

પાપ તણો વ્યાપાર ભૂલ્યાં

એવા એકાકાર બન્યા કે સળગેલો સંસાર ભૂલ્યાં રે

ભાઇ સળગેલો સંસાર ભૂલ્યાં

સળગેલો સંસાર ભૂલ્યાં

પ્રભુજી તારા (૩) ગુણલાં ગાઉં, કે તીરથ ધામે જાઉં

પ્રભુજી તારા ગુણલાં ગાઉં, કે તીરથ ધામે જાઉં

2016-06-05 -